સમાજ કલ્યાણ ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન કરનાર વ્યકિતને 'ડૉ.બાબાસાહેબ આંબેડકર એવોર્ડ અને સંસ્થાને 'મહાત્મા ગાંધી એવોર્ડ ' એનાયત કરવા બાબત

---

ગુજરાત સરકાર
સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ
( સમાજ કલ્યાણ પ્રભાગ )
ઠરાવક્રમાંકઃ પરચ/૧૦૯૩/૯૨૩/(૯૪) જ
સચિવાલય,ગાંધીનગર
તાઃ ૨૪/૩ / ૯૫

વંચાણે લીધાઃ(૧) નિયામકશ્રી સમાજ કલ્યાણ ખાતાનો તાઃ૨૦/૧૨/૯૩ નો પત્રક્રમાંકઃસક/ યોજના/ન.બા./એવોર્ડ/૯૩/૯૪/૪૦૬

(૨) નિયામકશ્રી,સમાજ કલ્યાણ ખાતાનો તાઃ૧૨/૫/૯૪નો પત્રક્રમાંકઃસક/ યોજના/એવોર્ડ/૯૪ /૯૫/૩૪

ઠ રા વ

અનુ.જાતી સમેત સમાજના નબળા વર્ગના ઉત્કર્ષ માટે તથા સામાજીક સમજદારીને પ્રોત્સાહન આપી સમાજ કલ્યાણ ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન કરનાર વ્યકિતને ડૉ.બાબાસાહેબ આંબેડકર એવોર્ડ તથા સંસ્થાને 'મહાત્મા ગાંધી એવોર્ડ' આપવાની બાબત રાજ્યસરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે સરકારશ્રીએ ડૉ.બાબાસાહેબ આંબેડકર એવોર્ડ તથા મહાત્મા ગાંધી એવોર્ડ માટે દરેક એવોર્ડ દીઠ રુપિયા ૧.૦૦ લાખ તથા પ્રશસ્તિપત્ર આપવાનું ઠરાવેલ છે આ દરેક એવોર્ડ આપવા માટે ની પધ્ધતિ તથા નિયમો આ સાથે પરિશિષ્ટ 'અ' તથા 'બ' માં જણાવ્યા મુજબ નકકી કરવામાં આવેલ છે. અને ચાલુ વર્ષે આ યોજના માટે અંદાજપત્રમાં કરવામાં આવેલ રૂા. ૨.૦૦ લાખ ની જોગવાઈનો ખર્ચ કરવાની આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

આ અંગેનો ખર્ચ અંદાજપત્રના સદર ૨૨૨૫ -અનુસુચિત જાતિ અનુસુચિત જનજાતી તથા અન્ય પછાતવર્ગોનું કલ્યાણ - ૨૭૭ ' શિક્ષણ બીસીકે - ૨૩ અનુસૂચિત જાતિઓ માટે ખાસ અંગભૂત યોજના સમાજ કલ્યાણ ક્ષેત્રે પ્રદાન માટે ડૉ. આંબેડકર એવોર્ડ અને

મહાત્મા ગાંધી એવોર્ડ હેઠળ થયેલ જોગવાઈમાં થી મેળવવાનો રહેશે.

નિયામકશ્રી સમાજ કલ્યાણ ખાતાને આ અંગે જરૂરી કાર્યવાહી કરવા આથી સૂચના આપવામાં આવે છે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા: ૧૦/૧૦/૯૪ ની નોંધથી મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( કે.ડી.રાઠોડ )
નાયબ સચિવ
સમાજ કલ્યાણ અને આદિજાતી વિકાસ વિભાગ
(સમાજ કલ્યાણ પ્રભાગ)

પ્રતિ

૧. નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતુ, સચિવાલય, ગાંધીનગર

આ અંગે અખબારી યાદી પ્રસિદ્ધ કરી બહોળી પ્રસિદ્ધિ આપવા સારૂ

પસંદગી ફાઈલ

નં:સક/સેલ/૨/૯૬/ ૮-૧૨
નિયામક, સમાજ કલ્યાણ ખાતુ
ડા.જીવરાજ મહેતા ભવન, બ્લોક નં-૪
બીજો માળ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
તારીખ: ૩૧/ ૮/ ૯૬

નકલ રવાના

૧. સર્વે જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ
૨. સર્વે ... તકેદારી અધિકારીશ્રીઓ
૩. સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ (પં)
૪. નાયબ નિયામકશ્રી
શાખા, વડી કચેરી ગાંધીનગર

નાયબ નિયામક
સમાજ કલ્યાણ ખાતુ, ગુ.રા.
ગાંધીનગર

પ રિ શિ ષ્ટ -ગ

સમાજ કલ્યાણ ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન કરનાર ને ડૉ. બાબાસાહેબ આંબેડકર એવોર્ડ આપવાની યોજના.

યોજના ના નિયમો/ પદ્ધતિ

અનુ.જાતી તથા પછાતવર્ગના લોકોમાં સામાજીક ન્યાય અને માનવ અધિકારો પ્રાપ્ત કરાવવા તથા પછાતવર્ગોમાં જાગૃતિ લાવવા અને તેમના જીવનમાં ઉચ્ચ સંસ્કારોનું સિંચન કરીને રુઢિગત પ્રથાઓ તથા પ્રણાલીઓમાંથી બહાર લાવી તેઓને શૈક્ષણિક આર્થિક તેમજ સામાજીક ક્ષેત્રે અન્ય સમાજ ની હરોળમાં તથા આગળ લાવવા યોગદાન આપનારને વ્યકિતગત ધોરણે ડૉ.બાબાસાહેબ આંબેડકર એવોર્ડ આપવામાં આવશે.

૨. એવોર્ડની શરતો

(૧) આ એવોર્ડ માટે રૂા. ૧,૦૦,૦૦૦/- ની રોકડ રકમ તથા એક પ્રશંશા પત્ર આપવામાં આવશે. એવાર્ડ ની રકમનુ વિતરણ ચેક દ્વારા કરવામાં આવશે.

(૨) આ એવોર્ડ વ્યકિતગત ધોરણે આપવામાં આવશે. એવોર્ડમાં પાત્ર ઠરેલ વ્યકિતને એવોર્ડ વિતરણ સમારંભમાં હાજર રહેવા આમંત્રણ આપવામાં આવશે. આવી વ્યકિત કોઈ કારણસર રુબરુ હાજર રહેવા અશકિતમાન હશે તો તેમના વતી તેમની ઈચ્છા મુજબની વ્યકિતને એવોર્ડનો સ્વીકાર કરવા અનુમતી આપવામાં આવશે.

(૩) આ એવોર્ડ મરણોત્તર એવોર્ડ તરીકે આપવામાં આવશે નહી પરંતુ એવોર્ડ આપવા માટે દરખાસ્ત / ભલામણ રજુ થયા પછી તેવી વ્યકિતનું અવસાન થાય તો મરણોત્તર એવોર્ડ આપવામાં આવશે. જો મરણોત્તર રીતે એવોર્ડ આપવાનો પ્રસંગ ઉપસ્થિત થશે તો સ્વર્ગસ્થ ના પત્ની/ પતિ તે એવોર્ડ ગ્રહણ કરી શકશે અને સ્વર્ગસ્થના પત્ની /પતિ હયાત ના હોય તો તેમના કાયદેસરના ઉત્તરાધિકારી (વારસદાર ) ને એવોર્ડ આહય કરી શકશે.

૪. આ એવોર્ડ ધર્મ, જ્ઞાતિ કે જાતિ (SEX) ને ધ્યાનમાં લીધા સિવાય સમાજની કોઈપણ વ્યક્તિને આપવામાં આવશે. પરંતુ અનુ.જાતીની વ્યક્તિને આ માટે અગ્રતા આપવામાં આવશે.

૫. આ એવોર્ડ દર વર્ષે આપવામાં આવશે અને વર્ષ તરીકે નાણાંકીય વર્ષ XRX ધ્યાનમાં લેવામાં આવશે.

૬. <u>જો કોઈ વર્ષે આ એવોર્ડ કોઈને પણ આપવામાં ન આવે તો તે વર્ષ પૂરતુ આ એવોર્ડ મુલતવી રાખવામાં આવશે.</u>

૭. એવોર્ડ એનાયત કરવાનો તમામ ખર્ચ રાજ્ય સરકાર ભોગવશે.

૮. રાજ્યસરકાર નક્કી કરે તે મહાનુભાવોના વરદ હસ્તે આ એવોર્ડ એનાયત કરાશે.

૯. છેલ્લા દસ વર્ષમાં વ્યક્તિએ અનુ.જાતી તથા સમાજના નબળા વર્ગના લોકોના ઉત્કર્ષ માટે આપેલ યોગદાનને એવોર્ડ આપવા માટે ધ્યાનમાં લેવામાં આવશે. તેમ છતાં આવી વ્યક્તિએ અગાઉ અનુ.જાતી સમેત સમાજ ના નબળાવર્ગના ઉત્કર્ષ માટે કોઈ મહત્વનું / યાદગાર યોગદાન આપેલ હોય તો તે ધ્યાનમાં લેવામાં આવશે.

૩. એવોર્ડ માટે ભલામણ કરવાની વિધિ
- - - - - - - - - - - - - -

૧. એવોર્ડ માટે નીચે જણાવેલ વ્યક્તિ / સંસ્થાઓ ભલામણ કરી શકશે.

અ. સમાજ કલ્યાણ તથા સામાજીક કાર્યના ક્ષેત્ર સાથે સંકળાયેલ વ્યક્તિઓ/સંસ્થાઓ

બ. સંસદસભ્યો વિધાનસભા સભ્યો રાજ્યની વડીઅદાલતના ન્યાયાધીશો

ક. રાજ્ય, રાષ્ટ્ર કે આંતર રાષ્ટ્રીય ક્ષેત્રે એવોર્ડ પ્રાપ્ત કરનાર વ્યક્તિઓ કે વિજેતાઓ, સંસ્થાઓ અને સંગઠન

ડ. યુનિવર્સિટીના ઉપકુલપતિ

ઈ. એવોર્ડ પસંદગી નિર્ણાયક સમિતિ આવા એવોર્ડ આપવા માટે ભલામણ કરવા મા. નક્કી કરે તેવી કોઈપણ વ્યક્તિ / સંસ્થા

(૨) કોઈપણ વ્યક્તિ એવોર્ડ માટે પોતાના નામની ભલામણ કરશે તો તે ધ્યાન ઉપર લેવામાં આવશે નહી તે જ રીતે એવોર્ડ માટેની વ્યક્તિગત રજુઆત પણ ધ્યાનમાં લેવામાં આવશે નહી.

(૩) ઉપર જણાવેલ વ્યક્તિ કે સંસ્થા એક જ નામ ની ભલામણ કરી શકશે.

(૪) એવોર્ડ પસંદગી નિર્ણાયક સમિતિના સભ્યો કોઈના નામની ભલામણ કરી શકશે નહી

૪. <u>એવોર્ડ આપવા માટેની તારીખ</u>

ડૉ.આંબેડકર એવોર્ડ માટે દર વર્ષે ડીસેમ્બર મહીનાના પ્રથમ સપ્તાહમાં લેખીત સ્વરુપે અગ્રગણ્ય દૈનિક પત્રોમાં જાહેરાત આપીને આ સાથેના અરજી પત્રકમાં દરખાસ્તો મંગાવવામાં આવશે

૧|૮૫

[illegible] જે તે વર્ષની ૧૫મી જાન્યુઆરી સુધીમાં મળેલ દરખાસ્તો/ ભલામણો એવોર્ડ નિર્ણાયક સમિતિ ધ્યાનમાં લેશે. ડૉ.બાબાસાહેબ આંબેડકર એવોર્ડ દર વર્ષે ૧૪ મી એપ્રિલ ના રોજ આપવામાં આવશે.

૫. એવોર્ડ પસંદગી નિર્ણાયક સમિતિ

૧. આ એવોર્ડ કોને આપવો તે માટે નિર્ણય કરવા માટે નીચે જણાવેલ સભ્યોની એક એવોર્ડ નિર્ણાયક સમિતિની રચના રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવશે.

(૧) સમાજ કલ્યાણ મંત્રીશ્રી — અધ્યક્ષ
(૨) અનુ.જાતિના એક સંસદસભ્ય અથવા ધારાસભ્ય — સભ્ય
(૩) સમાજના નબળાવર્ગોના ઉત્કર્ષ માટે કામ કરેલ હોય તેવી કોઈ વ્યક્તિ — "
(૪) જાહેર જીવન સાથે સંકળાયેલ બે અને પ્રતિષ્ઠિત વ્યક્તિઓ — "
(૫)
(૬) અધિક મુખ્યસચિવશ્રી/સચિવશ્રી સમાજ કલ્યાણ વિભાગ — "
(૭) નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતુ સભ્યસચિવ

૨. એવોર્ડ પસંદગી નિર્ણાયક સમિતિની મુદત ૩ વર્ષની રહેશે.

૩. એવોર્ડ પસંદગી સમિતિએ તેનો નિર્ણય બહુમતી ના ધોરણે લેવાનો રહેશે અને જ્યાં મત સરખા વિભાજીત થતા હોય ત્યાં ચેરમેનનો મત નિર્ણાયક રહેશે.

૪. એવોર્ડ માટે દરખાસ્તો મેળવવાની તેની યોગ્ય ચકાસણી કરી આ અંગેની તમામ વિગતો તૈયાર કરી ઠરાવની કામગીરી સભ્યસચિવ તરીકે નિયામક, સમાજ કલ્યાણ ખાતુ ગુજરાતરાજ્ય, ગાંધીનગરે કરવાની રહેશે,

૫. જો નિર્ણાયક સમિતિના ચાર સભ્યો હાજર ના હોય તો નિર્ણાયક સમિતિ એવોર્ડ માટે નિર્ણય લઈ શકશે નહી.

૬. નિર્ણાયક સમિતિ એવોર્ડ માટે તેને મળેલ યોગ્ય હોય તેની જાણ અધિક મુખ્યસચિવશ્રી, સમાજ કલ્યાણ વિભાગ, બ્લોક નં-૫, ૮મો માળ, સરદાર પટેલ ભવન, નવા સચિવાલય, સકુલ ગાંધીનગરને કરવાની રહેશે જેના આધારે રાજ્ય સરકાર એવોર્ડ આપવાની કાર્યવાહી કરશે.

૭. નિર્ણાયક સમિતિની કાર્યવાહી લેખિતમાં અને ગુપ્ત રાખવાની રહેશે.

૮. નિર્ણાયક સમિતિના નિર્ણય બાબતે કોઈ વિરોધ કે દાદ ફરીયાદ ધ્યાનમાં લેવામાં આવશે નહી.

૯. આ એવોર્ડ ખાસ સમારંભમાં ગાંધીનગર / અમદાવાદ ખાતે આપવામાં આવશે.

૬. <u>સામાન્ય</u>

૧. આ નિયમોમાં ફેરફાર કરવાની સત્તા રાજ્ય સરકારને રહેશે.

૨. નિર્ણાયક સમિતિને તેના કાર્યો સંબંધમાં પેટા નિયમો બનાવવાની અને તેને અનુકૂળ હોય તેવી વિવિધ અનુસરવાની સત્તા રહેશે. પરંતુ તે માટે રાજ્યસરકારની ઔપચારિક અનુમતી મેળવી લેવાની રહેશે.

(૭/૨૪)

## પરિશિષ્ટ -બ

સમાજ કલ્યાણ ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન કરનાર સંસ્થાને "મહાત્માગાંધી એવોર્ડ એનાયત કરવાની" યોજના

### યોજનાના નિયમો / પધ્ધતિ

પૂ. મહાત્મા ગાંધીજીના આદર્શો અને મૂલ્યોને તથા ગાંધીવાદી વિચાર સરણી દ્વારા અનુસુચિતજાતી સમેત પછાતવર્ગોના વિકાસ માટે મહત્વનું યોગદાન આપનાર અને અનુસૂચિત જાતિ માટે કામ કરતી મુંબઈ પબ્લીક ટ્રસ્ટ એકટ કે ગુજરાત સહકારી મંડળીઓના કાયદા હેઠળ નોંધાયેલ મંડળ, સંસ્થાને રાજ્ય સરકાર તરફથી મહાત્માગાંધી એવોર્ડ આપવામાં આવશે.

### ૨. એવોર્ડની શરતો

(૧) આ એવોર્ડ માં રૂા. એક લાખની રોકડ રકમ તથા એક પ્રશંસા પત્ર સામેલ હશે. એવોર્ડની રકમનું વિતરણ ચેક દ્વારા કરવામાં આવશે.

(૨) એવોર્ડ સંસ્થાને આપવામાં આવશે. એવોર્ડને પાત્ર ઠરેલ સંસ્થાને એવોર્ડ વિતરણ સમારંભ માં હાજર રહેવા આમંત્રણ આપવામાં આવશે.

(૩) આ એવોર્ડ ધર્મ, જ્ઞાતિ કે જાતી ( Sex ) ને ધ્યાનમાં લીધા સિવાય સમાજ ની કોઈપણ સંસ્થાને આપવામાં આવશે. પરંતુ અનુ.જાતીની સંસ્થાને અગ્રતા આપવામાં આવશે.

(૪) આ એવોર્ડ દર વર્ષે આપવામાં આવશે. અને વર્ષ તરીકે નાણાંકીય વર્ષ ધ્યાનમાં લેવામાં આવશે.

(૫) જો કોઈ વર્ષે આ એવોર્ડ કોઈપણ સંસ્થાને આપવામાં ન આવે તો વર્ષ પુરતુ આ એવોર્ડ મુલતવી રાખવામાં આવશે.

૬) એવોર્ડ એનાયત કરવાનો તમામ ખર્ચ રાજ્ય સરકાર ભોગવશે.
૭) રાજ્ય સરકાર નક્કી કરે તે મહાનુભાવોના વરદ હસ્તે આ એવોર્ડ એનાયત કરાશે.

છેલ્લા દસ વર્ષમાં સંસ્થાએ અનુસૂચિત જાતિ તથા સમાજના નબળા વર્ગના લોકોના ઉત્કર્ષ માટે આપેલ યોગદાનને એવોર્ડ આપવા માટે ધ્યાનમાં લેવામાં આવશે તેમ છતાં અગાઉ આવી સંસ્થાએ અનુસૂચિત જાતિ સમેત સમાજના નબળા વર્ગના ઉત્કર્ષ માટે કોઈ મહત્વનું યાદગાર યોગદાન આપેલ હોય તો તે ધ્યાનમાં લેવામાં આવશે.

૩. <u>એવોર્ડ માટે ભલામણ કરવાની વિધિ :-</u>

૧. આ એવોર્ડ માટે નીચેની વ્યક્તિ/સંસ્થાઓ ભલામણ કરી શકશે.
૨. સમાજ કલ્યાણ તથા સામાજીક કાર્યના ક્ષેત્ર સાથે સંકળાયેલ વ્યક્તિઓ / સંસ્થાઓ.
(૩) સંસદસભ્યો / વિધાનસભા સભ્યો, રાજ્યની વડી અદાલતના ન્યાયધીશો.
૪) રાજ્ય, રાષ્ટ્ર કે આંતર રાષ્ટ્રીય ક્ષેત્રે એવોર્ડ પ્રાપ્ત કરનાર વ્યક્તિઓ કે વિજેતાઓ, સંસ્થાઓ અને સંગઠનો.
૫) યુનિવર્સિટીના ઉપ કુલપતિ
૬) એવોર્ડ પસંદગી નિર્ણાયક સમિતિ આવા એવોર્ડ માટે ભલામણ કરવા નક્કી કરે તેવી કોઈપણ વ્યક્તિ / સંસ્થા.

૨. કોઈપણ સંસ્થા પોતાના નામની એવોર્ડ માટે ભલામણ કરશે તો તે ધ્યાન ઉપર લેવામાં આવશે નહિ.
૩. ઉપર જણાવેલ વ્યક્તિ કે સંસ્થા એક જ નામની ભલામણ કરી શકશે.
૪. એવોર્ડ પસંદગી નિર્ણાયક સમિતિના સભ્યો કોઈના નામની ભલામણ કરી શકશે નહિ.

૪. એવોર્ડ આપવા માટેની તારીખ :-

મહાત્મા ગાંધી એવોર્ડ માટે દર વર્ષે એપ્રિલ મહિનાના પ્રથમ સપ્તાહમાં લેખિત સ્વરૂપે અગ્રગણ્ય દૈનિક પત્રોમાં જાહેરાત આપીને આ સાથેના અરજી પત્રકમાં દરખાસ્તો મંગાવવામાં આવશે. જે તે વર્ષની ૩૧ મી મે સુધીમાં મળેલી દરખાસ્તો / ભલામણો એવોર્ડ નિર્ણાયક સમિતિ ધ્યાનમાં લેશે. મહાત્મા ગાંધી એવોર્ડ દર વર્ષે ૨જી ઓકટોબરે આપવામાં આવશે.

૫. એવોર્ડ પસંદગી નિર્ણાયક સમિતિ

એવોર્ડ માટે સંસ્થાની પસંદગી કરવા માટે રાજ્ય સરકાર દ્વારા નીચે જણાવેલ સભ્યોની એક સલાહકાર સમિતિ રચવામાં આવશે.

| | | |
|---|---|---|
| ૧. | સમાજ કલ્યાણ મંત્રીશ્રી | અધ્યક્ષ. |
| ૨. | અનુસૂચિત જાતિના એક સંસદસભ્ય. અથવા ધારાસભ્ય | |
| ૩. | સમાજ ના નબળા વર્ગોના ઉત્કર્ષ માટે કામ કરેલ હોય તેવી કોઈ એક વ્યકિત | સભ્ય |
| ૪. | જાહેર જીવન સાથે સંકળાયેલ બે અને પ્રતિષ્ઠિત વ્યકિતઓ | સભ્ય |
| ૫. | | |
| ૬. | અધિક મુખ્ય સચિવશ્રી / સચિવશ્રી | સભ્ય |
| ૭. | નિયામક, સમાજ કલ્યાણ ખાતું | સભ્ય સચિવ |

૨) એવોર્ડ પસંદગી નિર્ણાયક સમિતિની મુદત ૩ વર્ષની રહેશે.

૩) એવોર્ડ પસંદગી નિર્ણાયક સમિતિએ તેનો નિર્ણય બહુમતીના ધોરણે લેવાનો રહેશે અને જયાં મત સરખા વિભાજીત થતા હોય ત્યાં ચેરમેનનો મત નિર્ણાયક રહેશે.

૪) એવોર્ડ માટે દરખાસ્તો મેળવવાની, તેની સાંગ્ર ચકાસણી કરી આ અંગેની તમામ વિગતો તૈયાર કરવાની કામગીરી સભ્ય સચિવ તરીકે

નિયામક, સમાજ કલ્યાણ ખાતું, ગુ.રા.ગાંધીનગરને કરવાની રહેશે.

૫) નિર્ણાયક સમિતિ એવોર્ડ માટે તેને મળેલ દરખાસ્તો પર વિચારણા કરી જે તે સંસ્થાને એવોર્ડ આપવા યોગ્ય હોય તેની જાણ અધિક મુખ્યસચિવશ્રી સચિવશ્રી, સમાજ કલ્યાણ વિભાગ, બ્લોક નં.૫, ૮ મો માળ, સરદાર પટેલ ભવન, નવા સચિવાલય સંકુલ, ગાંધીનગરને કરવાની રહેશે. જે આધારે રાજ્ય સરકાર એવોર્ડ આપવાની કાર્યવાહી કરશે.

૬) નિર્ણાયક સમિતિની કાર્યવાહી લેખિતમાં અને ગુપ્ત રાખવાની રહેશે.

૭) નિર્ણાયક સમિતિના નિર્ણય બાબતે કોઈ વિરોધ કે દાદ ફરિયાદ ધ્યાનમાં લેવામાં આવશે નહિ.

૮) આ એવોર્ડ ખાસ સમારંભમાં ગાંધીનગર / અમદાવાદ ખાતે આપવામાં આવશે.

<u>સામાન્ય</u>

૧. આ નિયમોમાં ફેરફાર કરવાની સત્તા રાજ્ય સરકારને રહેશે.

૨. એવોર્ડ પસંદગી નિર્ણાયક સમિતિને તેના કાર્યો સંબંધમાં પેટા નિયમો બનાવવાની અને તેને અનુકૂળ હોય તેવી વિધિ અનુસરવાની સત્તા રહેશે. પરંતુ તે માટે રાજ્ય સરકારની ઔપચારિક અનુમતિ મેળવી લેવાની રહેશે.

( ગુજરાત સરકાર )

( સમાજ કલ્યાણ વિભાગ )

સમાજ કલ્યાણ ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન કરનાર વ્યકિતને (૧) ડો.આંબેડકર અને સંસ્થાને (૨) મહાત્મા ગાંધી એવોર્ડ આપવાની યોજનાનું અરજી પત્રક.

વ્યકિતના કિસ્સામાં
પાસપોર્ટસાઈઝ
નો
ફોટોગ્રાફ

૧. પુરું નામ :-

૨. સરનામું :-

૩. જન્મ તારીખ અને ઉંમર :-

૪. નાગરિકતા :-

૫. શૈક્ષણિક લાયકાત :-

૬. સમાજ કલ્યાણના કયા ક્ષેત્રમાં વિશિષ્ટ પ્રદાન કરેલ છે.

૭. પ્રવૃત્તિઓ :-

૮. મેળવેલ સિધ્ધિઓ :- પ્રમાણપત્રો :-

૯. વિશિષ્ટ કામગીરી અને કાર્યક્ષેત્ર :-

૧૦. કેટલા વર્ષોથી પ્રવૃત્તિમાં જોડાયા છે.

૧૧. વિશેષ નોંધ :-

સ્થળ :-

સહી/-

તારીખ:-

એમપી ૭૩૯૬/